આજે ગાંધીનગરમાં નિગમની કચેરી આગળ બેસણું યોજશે

જિલ્લામાં ઘઉં, બિયારણ પકવતા ખેડૂતોને ભાવમાં કીલોગ્રામ દીઠ રુ.૧નો વધારો : ખેડૂતોએ સીડું વાવેતર કરેલું હોય તે બિયારણ નિગમમાં નહીં આપવાનો નિર્ણય કર્યો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૧

જિલ્લામાં ગુજરાત રાજ્ય બીજ નિગમ લી. મારફતે ઘઉંનું બિયારણ તૈયાર કરતા ખેડૂતોને ઓછો ભાવ મળતાં વિભાગ અને રાજ્ય સરકારમાં રજૂઆત કરતાં ખેડૂતોની મશ્કરી કરી હોય તેમ ૧ કીલોગ્રામ દીઠ માત્ર ૧ રૂ નો વધારો કરતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા સહિત રાજ્યના ખેડૂતોમાં રોષ વ્યાપ્યો છે. ખેડૂતોએ સોશ્યલ મીડીયા મારફતે તેમના ગ્રુપમાં સોયાબીન, અડદ, ડાંગર, દિવેલા, કપાસ સીડુ વાવેતર કર્યુ હોય તે પરત કરવાનું નથી અને નિગમના નામનું નાહીં નાખવાનો ગુસ્સો વ્યક્ત કર્યાની વિગતો સામે આવી છે. જ્યારે રોષે ભરાયેલા ખેડૂતોએ આજે નિગમની ગાંધીનગર સ્થિત કચેરીએ બેસણાનો રચનાત્મક કાર્યક્રમ યોજ્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગુજરાત સરકારના સાહસ ગુજરાત રાજ્ય બીજ નિગમ લી. દ્વારા રવી-૨૦૨૧ ઋતુમાં બીકાઉમાંથી ઉત્પન્ન ઘઉં તથા જીરુ પાકના ઓછા ભાવ જાહેર કરાતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા સહિત ઉત્તર ગુજરાત અને રાજ્યના અન્ય જિલ્લાના ખેડૂતોએ આ મુદ્દે ગત સપ્તાહે નિગમના મેનેજીંગ ડિરેક્ટર તેમજ રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલને મળીને બિયારણના પોષણક્ષમ ભાવ આપવા રજૂઆત કરી હતી અને યોગ્ય ભાવ આપીશું તેવી હૈયાધારણા આપતાં ખેડૂતોએ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હતી પરંતુ તા. ૧૦ ઓક્ટોબરે નિગમ દ્વારા ઘઉં અને જીરુના બિયારણ ભાવમાં વધારો જાહેર કરાયો છે જેમાં ઘઉંના ભાવમાં પ્રતિકીલો માત્ર ૧૨ નો વધારો કરી રાજ્યની ભાજપ સરકાર ખેડૂતોની મશ્કરી કર્યાનો ખુલ્લો આરોપ ખેડૂતોએ લગાવ્યો છે. લાગે છે કે એક તરફ ખેડૂતોનું આંદોલન ઠારવામાં સરકારને સફળતા મળી છે ત્યાં નિગમનું બીજ ઉત્પાદન કરતા ખેડૂતોને ઓછા ભાવ મામલે ફરીથી હોબાળો થવાની સંભાવના વધી છે. અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ જણાવ્યું કે અગાઉ ૧૦૦ કીલોગ્રામ ઘઉંનો ભાવ ૨૫૫ કરાયો હતો અને રજૂઆત પછી બીજ ઉત્પાદન સહાય સાથેનો આખરી પ્રાપ્તિ ભાવ ક્વિન્ટલનો રુ ૨ ૫ કરવામાં આવ્યો છે જે અયોગ્ય છે અને આ મુદ્દે આગામી ૨૪ કલાક દરમ્યાન સરકાર અને નિગમ દ્વારા યોગ્ય નિર્ણય નહીં લેવાય તો આજે બુધવારે તા.૧૨ ઓક્ટોબરે સેક્ટર-૧૦-એ.માં આવેલ બીજ નિગમની કચેરી આગળ ખેડૂતો બેસણાનો કાર્યક્રમ યોજી રોષ વ્યક્ત કરશે તેમ જણાવ્યું છે.

જીરુના ભાવમાં કીલો દીઠ રુ ૯ નો વધારો

- બીજ નિગમ દ્વારા જીરુના ભાવમાં રુ ૯ નો કીલોગ્રામ દીઠ વધારો કરાયો છે ત્યારે ખેડૂતોએ જણાવ્યું કે રાજ્યમાં સૌથી વધુ વાવેતર ઘઉંનું થતું હોય છે. રશિયા-યુક્રેન યુદ્ધ પછી ઘઉંની તંગી સર્જાય તેવી સરકારે પણ ભીતી વ્યક્ત કરી છે. આ સંજોગોમાં રાજ્યમાં સૌથી વધુ ઘઉંનું ઉત્પાદન થાય તે માટે બિયારણ પકવતા ખેડૂતોને પ્રોત્સાહન આપવાના બદલે ઓછા ભાવ આપી સરકાર અને વિભાગ દ્વારા ગળું દબાવવાનો પ્રયાસ થયાનો અનેક ખેડૂતોએ આક્રોશ જાહેરમાં વ્યક્ત કર્યો છે.

જિલ્લામાં પાછોતરા વરસાદથી ખેતી પાકને નુકસાનનો પ્રાથમિક અહેવાલ તૈયાર કરવા ધમધમાટ

૧૪ તાલુકામાં ટીમ દ્વારા ગામડાનાં ખેતર ખુંદવાની શરુઆત

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પાછલા ૭૨ કલાક દરમ્યાન ૧ થી અઢી ઈંચ પાછોતરો વરસાદ વરસતાં ખરીફ પાકને નુકસાન થયું છે. પાછોતરા વરસાદથી તૈયાર ખેતી પાકને નુકસાનનો પ્રાથમિક અહેવાલ તૈયાર કરવા જિલ્લા ખેતી વિભાગ દ્વારા સૂચના અપાતાં ૧૪ તાલુકામાં તાલુકા વિસ્તરણ અધિકારી(ખેતી), ગ્રામસેવકોની ટીમ દ્વારા ખેતરો ખુંદવાની શરુઆત થઈ છે. પાછોતરા વરસાદથી મગફળી, કપાસ, તલ, અડદ, મકાઈના પાકને સૌથી વધુ નુકસાન પહોંચ્યાનું અનુમાન છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યમાં ચોમાસાની વિદાય જાહેર કર્યા પછી ઓક્ટોબર મહિનામાં ફરી એકવાર પાછોતરા વરસાદે ખેડૂતોને

પાયમાલ કર્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ ગત શનિવારથી વીજળીના કડાકા-ભડાકા સાથે ફરીથી ચોમાસુ બેઠું હોય તે રીતે વરસાદ વરસ્યો હતો. તાલુકા મથકો ઉપર ભલે વરસાદના આંકડા સિમિત હોય પરંતુ અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ૩ દિવસ દરમ્યાન ૨ થી સાડાત્રણ ઈંચ જેટલો વરસાદ વરસતાં ખરીફ પાકનો સોથ વળી ગયો છે. ખેડૂતોએ મગફળીનો પાક તૈયાર થતાં ખેતરમાં ઢગલા કર્યા હતા અને ફરી એકવાર કુદરતે ખેડૂતોના મોં માં આવેલો કોળીયો છીનવ્યો હોય તે રીતે મગફળી, કપાસ, અડદ, તલ સહિતના પાકને સૌથી વધુ નુકસાન પહોંચ્યાના પ્રાથમિક અહેવાલ છે. પાછોતરા વરસાદથી ખેડૂતો પાયમાલ થતાં સરકાર દ્વારા તેમને રાહત પેકેજ આપવું જોઈએ તેવી લગભગ દરેક તાલુકામાંથી માંગ સામે આવી છે. ચૂંટણીનું વર્ષ હોવાથી સરકાર અને ખેતી વિભાગ ખેડૂતોને સહાય ચૂકવે તેની શક્યતાઓ પણ રહેલી છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી ખેતી વિભાગ દ્વારા છેલ્લા ૨ દિવસથી પાછોતરા વરસાદથી કયા તાલુકામાં કયા પાકને નુકસાન થયું છે તેનો પ્રાથમિક અહેવાલ તૈયાર કરવા સૂચનાઓ આપ્યાનું જાણવા મળ્યું છે. આવી કોઈ સૂચના રાજ્ય સરકારમાંથી અપાઈ નથી પરંતુ અતિવૃષ્ટી અને પાછોતરા વરસાદ તેમજ કમોસમી વરસાદના કિસ્સામાં ખેતી વિભાગ દ્વારા ખેતીમાં થયેલા નુકસાનની પ્રાથમિક અહેવાલ તૈયાર કરવાની શિરસ્તો વર્ષોથી ચાલતી આવ્યું છે.

પ્રાથમિક અહેવાલ તૈયાર થઈ રહ્યો છે — સાબરકાંઠા ખેતી વિભાગ

સાબરકાંઠા ખેતી વિભાગનો સંપર્ક કરતાં પાછોતરા વરસાદથી કયા ખેતી પાકને નુકસાન થયું છે તે માટે પ્રાથમિક અહેવાલ દરેક તાલુકામાંથી વિસ્તરણ અધિકારી(ખેતી) પાસેથી માંગવામાં આવ્યો છે અને તે એક સપ્તાહમાં આવી ગયા પછી વિભાગને મોકલવામાં આવશે.

જિલ્લામાં દૂરદર્શનની ફ્રી ડીશ ટીવી ચેનલમાં કેટલીક ચેનલો બંધ કરાતાં દર્શકોમાં દેકારો

ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારોમાં જોવાતી ચેનલો બંધ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસથી દૂરદર્શનની ફ્રી ડીશ ટીવી ચેનલમાં કેટલીક ચેનલો બંધ કરવામાં આવતાં દર્શકોમાં દેકારો મચ્યો છે. ગરીબ અને સામાન્ય મધ્યમ વર્ગના પરિવારો ઘરે મનોરંજન માણવા માટે ખર્ચાળ ડીશ કે કેબલનો વપરાશ કરવાને બદલે ડી.ડી. ફ્રી ડીશનું કનેકશન રાખતા હોય છે પરંતુ તેમાં કેટલીક ચેનલો બંધ કરી દેવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

સમગ્ર દેશમાં આઝાદીનો અમૃત મહોત્સવની રંગેચંગે ઉજવણી થઈ રહી છે. જિલ્લામાં ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો મોંઘવારીથી

બેહાલ હોવાના કારણે હાલના સમયે ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ છે જેથી મહિને રુ. ૫૦૦ થી ૯૦૦નું મનોરંજન ખર્ચ તેમને પોષાય તેમ ન હોવાથી દૂરદર્શનની ડીશ દ્વારા નિશુલ્ક ચાર્જથી ચાલતી સમાચાર ચેનલ તેમજ મનોરંજન ચેનલો સહિત કેટલીક ચેનલો ૧૫ દિવસથી બંધ કરી દેવામાં આવી છે. ગ્રાહકો ગુજરાતની સમાચાર જોવા અને સાંભળવા માટે ચેનલના બટન દબાવે છે પરંતુ નેટવર્ક આવતું નથી. શરુઆતમાં તો ડીશ એન્ટેનાનું સેટીંગ ફરી જવાથી ચેનલો દેખાતી ન હોવાનું માની બંન્ને જિલ્લાના અસંખ્ય પરિવારોએ ડીશ સેટીંગ કરવા માટે પ્રયત્નો કર્યા પરંતુ દૂરદર્શનની ફ્રી ડીશની ચોક્કસ ચેનલો પકડાતી ન હોવાથી ગ્રાહકો સમસમી ઉઠ્યા છે. દૂરદર્શનની ફ્રી ચેનલો ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો હોંશે હોંશે જોતા હોય છે. જેથી ચેનલો પુન શરુ કરવા માટે માંગ ઉઠી છે. જિલ્લામાં અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારો સુધી દૂરદર્શનની ફ્રી ડીશ ટીવી પહોંચી જતાં તમામ વયના લોકો તેમની મનગમતી સમાચાર કે મનોરંજન ચેનલ મફતમાં નિહાળી દેશ અને દુનિયા સાથે જોડાયેલા રહેતા હતા પરંતુ હવે કેટલીક ચેનલો બંધ થવાથી દર્શકો નારાજ થયા છે. કેટલાક જાગૃત દર્શકો દ્વારા તો આ મુદે કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રી સમક્ષ લેખિત રજૂઆત કરનાર હોવાનું જાણવા મળ્યું છે.

ફ્રી ડીશ ચેનલમાં નો-સિગ્નલથી દર્શકો પરેશાન

જિલ્લામાં પ્રદર્શનની ફ્રી ડીશમાં કેટલીક ચેનલો બંધ થતાં દર્શકોમાં ચણભણાટ શરુ થયો છે. છેલ્લા ૧૫ દિવસથી ફ્રી ડીશ ચેનલમાં ગુજરાતી સમાચાર તેમજ અન્ય મનોરંજન પીરસતી ચેનલોમાં નો-સિગ્નલ બતાવી રહ્યું છે. ગ્રાહકો ચેનલો વારંવાર બદલી તેમજ ડીશ એન્ટેના સેટ કરે છે પરંતુ બંધ ચેનલ દેખાતી ન હોવાથી દર્શકોમાં નિરાશા છે.

અરવલ્લી આરોગ્ય વિભાગમાં CHOની ભરતીનું મેરિટ જાહેર ન કરાતા શંકા..!! કંઈ રંધાઈ રહ્યું છે?

મોડાસા, તા. ૧૧

સરકાર ખાલી જગ્યાઓ ભરવા માટે પ્રયાસો કરી રહી છે પરંતુ સરકારી બાબુઓને ખાલી પડેલી જગ્યાઓ ભરવામાં ગુલાબી



રંગ પસંદ હોવાની બૂમો ઉઠી રહી છે, જેને કારણે સરકારની છવી ખરડાતી હોય છે. આવો જ એક કિસ્સો હાલ અરવલ્લી જિલ્લામાં ચર્ચાઈ રહ્યો છે. અરવલ્લી જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં CHO એટલે કે, કમ્યુનિટી હેલ્થ ઓફિસરની ભરતી ઘણાં સમયથી અધ્ધરતાલ છે, એટલું જ નહીં મેરિટ પણ તૈયાર થઇ ગયું છે પણ જાહેર કરતા પહેલા રૂપિયા આપો અને નોકરી લઇ જાઓની રાવ ઉઠવા પામી છે.

CHO ની ભરતી પ્રક્રિયામાં અરજદારો સાથે રૂપિયાની લેતી-દેતીની રકમ નક્કી ન થતાં સમગ્ર પ્રક્રિયા ટલ્લે ચઢી હોવાની વાતોએ જોર પકડ્યું છે. કેટલાક અરજદાર પાસે થી રકમ ઉઘરાવી લેવામાં આવી હોવાનું પણ લોકચર્ચાએ જોર પકડ્યું છે એટલું જ નહીં કેટલાક અરજદાર પાસે રકમ ઉઘરાવાની બાકી હોય એટલે ભરતી અટકાઈ ગઈ છે તેવું લોક મુખે ચર્ચાએ જોર પકડ્યું છે. હવે સમગ્ર ભરતી પ્રક્રિયામાં જિલ્લા વિકાસ અધિકારી રસ દાખવે તેવી માંગ ઉઠવા પામી છે. અરવલ્લી જિલ્લાની આરોગ્ય શાખામાં આખે-આખી ભરતી પ્રક્રિયામાં રૂપિયા ખંખેરવા એવો ખેલ રચવામાં આવ્યો છે કે, મેરિટ તૈયાર થઈ જવા છતાં પણ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. વાતો એવી પણ ચાલી રહી છે કે, જે લોકોના મેરિટ તૈયાર થઇ ગયા છે તે ઉમેદવારોના સંપર્ક કરીને પૈસા ખંખેરવામાં આવી રહ્યા હોવાની લોકચર્ચાએ જોર પકડ્યું છે.

અરવલ્લી જીલ્લા પ્રજાપતિ સંઘ સમિતિ દ્વારા મોડાસા ખાતે પંચમ સન્માન સમારોહ યોજાયો હતો

ધાનેરા, તા. ૧૧

અરવલ્લી જીલ્લા પ્રજાપતિ સંઘ સમિતિ દ્વારા મોડાસા ખાતે પંચમ સન્માન સમારોહ યોજાયો હતો.મોડાસાના આંગણે યોજાયેલ આ પંચમ સન્માન સમારોહ સુંદર રીતે સંપન્ન થયો હતો.આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘના અધ્યક્ષ માન.ઉપેન્દ્રભાઈ પ્રજાપતિ,સુરેશભાઈ પ્રજાપતિ, કનુભાઈ મારુ,પ્રિ.જગદીશભાઈ પ્રજાપતિ જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.ખૂબ ઓછા સમયમાં આ કાર્યક્રમને સફળ બનાવવા ઝોન કન્વીનર દિનેશભાઇ પ્રજાપતિ, જિલ્લા પ્રમુખ મનોજભાઈ પ્રજાપતિએ ખૂબ સુંદર નેતૃત્વ પૂરું પાડ્યું હતું.કાર્યક્રમ સમિતિના સૌ કન્વીનરોએ ખભે ખભા મિલાવી કાર્ય કર્યું હતું. કાર્યક્રમ માં દાતાશ્રીઓ પણ મન મૂકીને વરસ્યા હતા. કાર્યક્રમ માં આમંત્રિત મહેમાનશ્રીઓ, સન્માનનીય દાતા શ્રીઓ, વિદ્યાર્થીઓ, નવનિયુક્ત અને નિવૃત કર્મચારીશ્રીઓ, ફૌજી એમ કુલ ૩૫૦ જેટલાં લોકો નું સન્માન કરાયું હતું.જેમાં નરેશભાઈ એ સુંદર આયોજન કર્યું હતું.આ કાર્યક્રમના કન્વીનર તરીકે પ્રમેશભાઈ ગુર્જર, અરવિંદભાઈ, રાજુભાઇ, વિનોદભાઈ મહેશભાઈ, રમણભાઈ, દર્શનભાઈ, ધર્મેન્દ્રભાઈ, નરેશભાઈ, ભાસ્કરભાઈ, ભરતભાઇ, જીતુભાઇ એ સુંદર કામગિરી કરી ને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.સમાજના અગ્રણી ધીરેનભાઈ અને ઈશ્વરભાઈ (આઈ.બી)નું માર્ગદર્શન પણ ઉપકારક બન્યું હતું. કાર્યક્રમ માં સૌ સન્માનિત પ્રતિભાઓ માટે સમાજે કરેલું સન્માન પ્રગતિના નવા સોપાનો સર કરવા પ્રેરણારૂપ બની રહેશે.દાવલી હાઈસ્કૂલના આચાર્ય નરેશભાઈ પ્રજાપતિ અને નવા ગામના મહેશભાઈએ કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું.

પ્રાંતિજ ખાતે ભારતીય કિસાન સંઘ દ્વારા બે જગ્યાએ આવેદનપત્ર આપ્યા

પ્રાંતિજ મામલતદાર તથા તાલુકા વિકાસ અધિકારી ને આવેદનપત્ર આપ્યુ : તાજેતરમાં જ પડેલ કમોસમી વરસાદને લઈને ખેતીના પાકમાં નુકસાન : તાત્કાલિક ધોરણે સહાય ચુકવવા માટે માંગ

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ભારતીય કિસાન સંઘ દ્વારા કમોસમી વરસાદ ને લઈ ને ખેડૂતો નો તૈયાર થયેલ નાકો તથા વિવિધ પાકો સહિત શાકભાજી ના પાકોને નુકસાન જતા બે જગ્યાએ આવેદનપત્ર આપી તાત્કાલિક તપાસ કરી સહાય ચુકવવા માટે રજુઆત કરી હતી. પ્રાંતિજ સહિત તાલુકા મા છેલ્લા ત્રણ દિવસ થી કમોસમી વરસાદ પડી રહ્યો છે જેને લઈને તૈયાર થયેલ પાક મગફળીનો પાક તથા ડાંગરનો પાક પલળી ગયો છે તો અડદ, મગ, સોયાબીન, કોબીજ-ફલાવર સહિતની શાકભાજીમા પણ નુકસાન થતા પ્રાંતિજ ખાતે ભારતીય કિસાન સંઘ દ્વારા પ્રાંતિજ મામલતદાર કચેરીએ તથા તાલુકા પંચાયત ખાતે આવી જઈને તાલૂકા વિકાસ અધિકારી નિતીનભાઈ ચૌધરી ને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતુ અને ખેડૂતોને તાત્કાલિક ધોરણે નુકસાન નુ સર્વે કરી ખેડૂતોને સહાય ચુકવવા માટે આવેદનપત્ર આપીને રજુઆત કરી હતી.

ઈસરી પોલીસે સ્વીફ્ટ કારમાંથી ૫૦ હજારના દારૂ સાથે બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલ્યા

ગુજરાતમાં દારૂબંધીના પગલે વિદેશી દારૂના ભાવ આસમાને પહોંચતા દારૂના વેપલામાં રહેલા અધધ નફાના પગલે યુવાનો બુટલેગર બનતા ખચકાતા નથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બિલાડીના ટોપની માફક બુટલેગરો ફૂટી નીકળ્યા છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર પ્રોહિબિશનની કામગીરી માટે સતત દોડાદોડી કરી રહી છે

ઈસરી પોલીસે લખીપુર ગામની સીમમાંથી સ્વીફ્ટ કારમાં દારૂની હેરાફેરી નિષ્ફળ બનાવી કારમાં સંતાડેલ વિદેશી દારૂ સહીત ૪.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે બુટલેગરોને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ઈસરી પોલીસે દારૂની ખેપ મારી રહેલા બંને યુવકોની સૌપ્રથમ દારૂની ખેપ હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી

ઈસરી પીએસઆઈ વી.એસ.દેસાઈ અને તેમની ટીમે પેટ્રોલીંગ હાથધરતાં રાજસ્થાન તરફથી સ્વીફ્ટ કારમાં દારૂ ભરી લખીપુર ગામ તરફ આવી રહી હોવાની બાતમી મળતા પોલીસે લખીપુર નજીક વોચ ગોઠવી બાતમી આધારીત સ્વીફ્ટ કાર આવતા અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂ અને બિયર ટીન નંગ-૧૭૪ કીં.રૂ.૫૦૭૫૦/- નો જથ્થો જપ્ત કરી ગીરીરાજસિંહ અમરસિંહ વાઘેલા (રહે,પિંઢારડા,પીડાદરા-ગાંધીનગર) અને નિકુંજ જીતેન્દ્ર વાઘેલા (રહે,મેણપુરા, ગલતેશ્વર-ખેડા) ને ઝડપી પાડી વિદેશી દારૂ, કાર અને મોબાઈલ મળી રૂ.૪.૬૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બંને બુટલેગર સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

શરદ પૂનમે સુંધા માતાજી મંદિર રોશનીથી ઝગમગી ઉઠ્યું

પાલનપુર તા.૧૧

બનાસકાંઠા જિલ્લાને અડી ને આવેલા રાજસ્થાનના સૂંધાજીમાં બિરાજમાન સુંધા માતાજીના મંદિર ને શરદ પૂનમના પાવન પર્વેને લઈ ભારે સજાવટ કરાઈ છે. જેમાં મંદિરને ફરતે ઝગમગતી રોશની કરાઈ હોઈ રાત્રી ના સમયે માતાજીનું મંદિર નયનરમ્ય રંગબેરંગી રોશનીથી દિપી ઉઠે છે.

પાલનપુરના ચંડીસર ગામે ખેતરમાં ચાલતા જુગારધામ પર પોલીસ ત્રાટકી

ગંજીપાનાથી પૈસાની હારજીતનો જુગાર રમતા આઠ જુગારીયા ઝડપાયા : રૂ.૧૭૫૦૦ ના મુદ્દામાલ સાથે જુગારીયાઓની અટકાયત કરાઈ

પાલનપુર તા.૧૧

પાલનપુર તાલુકાના ગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ચંડીસર ગામે ખેતરમાં ચાલતા જુગારધામ પર એલસીબી પોલીસ ની ટિમેં રેઈડ કરીને અહીં ગંજીપાના વડે તિનપત્તિ નો જુગાર રમતા આઠ જુગારીયાઓને રૂ. ૧૭,૩૦૦ની રોકડ રકમ સાથે ઝડપી પાડવા માં આવ્યા હતા.

પાલનપુર તાલુકાના ચંડીસર ગામે રમેશજી કપુરજી ટાકરવાડીયા (ઠાકોર)ના ખેતરમાં ગંજીપાના વડે પૈસાની હારજીત માટે તીનપત્તી નો જુગાર રમવામાં અને રમાડવામાં આવી રહ્યો હોવાની બાતમી ને લઈ પાલનપુર એલસીબી પોલીસ ની ટીમે ચંડીસર ગામે ઓચિંતી રેઈડ કરીને ખેતરના સેઠા પાસે જુગાર રમતા રમેશજી કપુરજી ટાકરવાડીયા (ઠાકોર) રહે.ચંડીસર, સાહેબખાન અયુંબખાન પોલાદી રહે.તાહેરપુરા સિધ્ધપુર, ઈમરાનખાન નુરખાન પોલાદી, રહે.તાહેરપુરા સિધ્ધપુર, સુરેશકુમાર ચમનલાલ નાઈ રહે.કાકોશી તા.સિધ્ધપુર, વિક્રમકુમાર જવાનજી સોલંકી રહે.હોડા તા.પાલનપુર, જીતુંભાઈ બાબુલાલ માળી રહે.મહાદેવીયા આખોલ ચાર રસ્તા તા.ડીસા, મહેન્દ્રકુમાર લક્ષ્મણભાઈ લુહાણા રહે. પાલનપુર શાકમાર્કેટ પાછળ અને પ્રવિણજી રમેશજી ચંડીસરા રહે.માળવાપરા ચંડીસર વાળાને રૂ.૧૭,૩૦૦ની રોકડ રકમ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા અને રોકડ તેમજ પાથરેલ પાથરણુ મળી કુલ રૂ.૧૭,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીયા ઓ વિરૂધ્ધમાં ગઢ પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.